# બચુકડો ઉંદર

વિમળાબેન સેતલવાડ

☆

સોલ એજંટ:


**એન. એમ. ઠક્કરની કંપની**

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ,


મુંબઈ ૨

૦—૨—૬

એક સુંદર ઘર હતું. તેમાં કાશીબેન રહેતાં હતાં અને મજા કરતાં હતાં.




કાશીબેનની સાથે સાથે તે ઘરમાં સાત ઉંદરો પણ રહેતા હતા; છ મોટા અને એક બચુકડો.



કાશીબેન બહુ જ ચોકખાં.
રોજ ઘરના ખૂણેખૂણા વાળે,
કબાટ બરાબર વાસે, ને ખાવાનું
પણ બરાબર ઢાંકે.

જમીન પર કંઈ વેરાવા
પણ ન દે.




બધે જ ચોકખું

અને

બધે જ ઢાંકેલું.

પણ ઉંદરોનું શું? તેમને
ખાવાનું તો જોઈએ જ ને?
બિચારા તે ક્યાંથી લાવે?
અહીંઆ તો તેમને ખાવાનું
ન મળે દિવસે કે ન મળે રાત્રે!



બધું ય ઢાંકેલું
અને
બધું ય બંધ.

રોટલી પણ ઢાંકેલી,
દૂધ પણ ઢાંકેલું,
દહીં પણ ઢાંકેલું,
ને
ઘી પણ ઢાંકેલું.

કાંઈ ખાવાનું જ ન મળે.

કરવું શું?

ખાવું શું?

બધા ઉંદર ખૂબ મૂંઝાયા. તેમણે નક્કી કર્યું.

'આ ઘર છોડી બીજા ઘરે રહેવા ચાલ્યા જવું.'

બધા ઉંદર તો બીજે રહેવા ચાલી ગયા; પણ બચુકડો ઉંદર રહી ગયો!

એ બિચારો બચુકડો !

એનાથી કેવી રીતે જઈ શકાય?


એ બિચારો હવે એકલો પડી ગયો!

બિચારા બચુકડા ઉંદરને વાતો કરવા ભાઇબંધ ન મળે

અને


પેટ ભરવા કાંઇ ખાવાનું


પણ ન મળે.



વિચારમાં ને વિચારમાં તે આમ તેમ જતો હતો. એવામાં તેની નજર એક અખરોટ પર પડી.

અખરોટ જોઈ બચુકડો ઉંદર ખૂશ ખૂશ થઇ ગયો. આનંદમાં ને આનંદમાં તે કૂદવા મંડી ગયો.





અખરોટને ઠેલતો ઠેલતો
તે દરમાં લઈ ગયો.

ભૂખ બહુ લાગી હતી;
અખરોટ ખાવાનું બહુ મન હતું;
પણ અખરોટ ઘણું કઠણ હતું.

બિચારો બચુકડો ઉંદર
ખૂબ દાંત મારે, ખૂબ ગબડાવે,
પણ અખરોટ ફૂટે જ નહિ!

પણ બચુકડો ઉંદર કંટાળે
તેવો ન હતો. તેણે તો રાત
પડી તો પણ અખરોટમાં કાણું
પાડવાનું કામ તો ચાલુ જ રાખ્યું.

કુટ કુટ કુટ,
કુટ કુટ કુટ;
કુટ કુટ કુટ,
કુટ કુટ કુટ.

આ અવાજથી કાશીબેન

પણ ઊંઘમાંથી જાગી ગયાં !


તેમને થયું કે આ અવાજ

ક્યાંથી આવે છે? કટ કટ કટ

એ શાનો અવાજ હશે?


બિચારાં કાશીબેન જાગે કે
કટ કટ કટ બંધ થાય, અને ઊંઘે
એટલે વળી પાછું કટ કટ કટ
ચાલુ થાય.

કાશીબેન વારેઘડીએ જાગી ઊઠે; ફાનસ લઇને ઘણું ય શોધે, પણ એમને બિચારાને અવાજ ક્યાંથી આવે છે તેની ખબર જ ન પડે! અને શાનો આવે છે તેની સમજ પણ ન પડે!




અખરોટને કાણું પાડવાનું કામ ઘણા દિવસ ચાલ્યું. પણ બચુકડો ઉંદર કાંઈ કંટાળીને છોડી દે તેવો ન હતો. તેણે તો સાત સાત દિવસ સુધી ખૂબ મહેનત કરી, અને કાણું પાડવાનું કામ ચાલુ જ રાખ્યું.

પણ કાશીબેન તો બિચારાં સાત દિવસમાં જ જાગી જાગીને કંટાળી ગયાં! તેમણે તો કટ કટ વાળા ઘરને છોડી બીજા ઘરે રહેવા જવાનું નક્કી કર્યું.



કાશીબેન ઘર ખાલી કરી ચાલી ગયાં, અને તે ઘર બીજાને ભાડે અપાયું.

આજથી આશાબેન અને દિલીપભાઈ આ ઘરમાં રહેવા આવે છે.




આશાબેન તો બહુ સારાં! રાતે કોઇવાર ભાખરી ઉઘાડી રહે, તો કોઇવાર કોઠારમાં લોટનો ડબ્બો ઉઘાડો રહે; અને કોઇવાર ગોળનો ડબ્બો પણ ઉઘાડો રહે.

બચુકડા ઉંદરને તો આ બધું ખૂબ ફાવી ગયું. ખૂબ ખૂબ ખાવાનું અને ખૂબ ખૂબ મજા કરવાની!

સાથે સાથે એક બીજી પણ ગમ્મત થઈ!

પેલા છ ઉંદરોને ખબર પડી કે કાશીબેન તો ચાલી ગયાં છે, અને હવે તે ઘરમાં આશાબેન રહેવા આવ્યાં છે. ઘરમાં સાફસૂફ ઓછું થાય છે. રોજ કાંઈને કાંઈ ખાવાનું મળે જ છે; એટલે તે બધા પાછા આ ઘરમાં રહેવા આવ્યા.



કેવી મજા પડી ! બચુકડા ઉંદરને
ખાવાનુંય મળ્યું અને મિત્રો પણ મળ્યા.

Printed and Published by : Ishwarbhai L. Patel at Nallini Printery
Jambul Wadi West Kalbadevi Rd. Bombay 2 First Edition 1939